ઓનલાઈન ફોર્મમાં અપલોડ કરવાના આધાર-પુરાવાઓ (ફરજિયાત):

(આ તમામ આધાર-પુરાવાઓ JPG/PDF ફોર્મેટમાં મહત્તમ ૦૧ MB સાઈઝમાં સ્પષ્ટ વાંચી શકાય એ રીતે અપલોડ કરવાના રહેશે.)

ક્રમ	આધાર-પુરાવાઓની વિગત	સૂચના
૧	અરજદારનો પાસપોર્ટ સાઇઝ ફોટો	અરજદારે પોતાના પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફની ઈમેજ અપલોડ કરવી.
૨	અરજદારની સહીનો ફોટો	અરજદારે પોતાની સહીની ઈમેજ અપલોડ કરવી.
૩	અરજદારનું આધાર કાર્ડ	અરજદારે પોતાના આધાર કાર્ડની આગળ-પાછળની ઈમેજ એકસાથે આપવી.
૪	પતિ/પત્ની/માતા/પિતા/વાલીનું આધાર કાર્ડ	અરજદાર જો પરિણીત હોય તો પતિ/પત્નીના આધાર કાર્ડની ઈમેજ આપવી. અરજદાર જો અપરિણીત હોય તો માતા/પિતાના/વાલીના આધાર કાર્ડની ઈમેજ આપવી.
૫	આવકનું પ્રમાણપત્ર	સરકારશ્રીની અધિકૃત ઓથોરિટી દ્વારા ઇશ્યુ કરેલ દિનાંક ૦૧/૦૪/૨૦૨૪ બાદનું અરજદારની વાર્ષિક કૌટુંબિક આવકનું પ્રમાણપત્ર અથવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (Assessment Year: 2026-27) નો અરજદારનાં કુટુંબનો ઇન્કમટેક્ષ-રિટર્ન (સંપૂર્ણ ITR આપવો) [કુટુંબમાં પતિ/પત્ની અને અપરિણીત બાળકોનો સમાવેશ થાય છે.]
૬	લાઈટબિલ	અરજદાર હાલ જે સ્થળે રહેતા હોય ત્યાંના દિનાંક ૦૧/૦૪/૨૦૨૬ બાદનાં લાઇટબિલની ઈમેજ
૭	મિલકત વેરાબિલ	અરજદાર હાલ જે સ્થળે રહેતા હોય ત્યાંના દિનાંક ૦૧/૦૪/૨૦૨૬ બાદનાં મિલકત વેરાબિલની ઈમેજ
૮	ભાડા કરાર (Rent Agreement)	અરજદાર હાલ જે સ્થળે રહેતા હોય ત્યાંના દિનાંક ૦૧/૦૪/૨૦૨૬ બાદનાં ભાડા કરારની ઈમેજ

ક્રમ	આધાર-પુરાવાઓની વિગત	સૂચના
૯	સ્વ-પ્રમાણિત જાહેરનામું (Self-attested Declaration)	સ્વ-પ્રમાણિત જાહેરનામાનાં દરેક પૃષ્ઠ ઉપર અરજદારે પોતાનું પુરું નામ લખી અને સહી કરી એની PDF બનાવી અપલોડ કરવાની રહેશે. [નોંધ: સ્વ-પ્રમાણિત જાહેરનામું અપલોડ નહીં કરેલ હોય અથવા અધુરું અપલોડ કરેલ હશે તો અરજદારનું ફોર્મ રિજેક્ટ થશે.]
૧૦	ચૂંટણી કાર્ડ	અરજદારે પોતાના ચૂંટણી કાર્ડની આગળ-પાછળની ઈમેજ એકસાથે આપવી
૧૧	રેશન કાર્ડ	અરજદારે પોતાના રેશન કાર્ડના પ્રથમ પેઈજની તથા જે પેઈજ પર કુટુંબનાં સભ્યોના નામ આવતા હોય એ બંને પેઈજની ઈમેજ એકસાથે આપવી
૧૨	રદ કરેલ ચેક અને પાસબુક	અરજદારે પોતાના બેંક ખાતાનાં પાસબુકનાં પ્રથમ પેઇઝ (અકાઉન્ટ નંબર, IFSC વાળા) ની ઈમેજ તથા બેંક ખાતાના કેન્સલ્ડ ચેકની ઈમેજ એકસાથે આપવી
૧૩	જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)	આરક્ષિત અરજદારની જાતિ અંગેના સક્ષમ સરકારી કચેરીના દાખલાની ઈમેજ (ફક્ત SC/ST/OBC અરજદાર માટે) [નોંધ: ઓનલાઇન ફોર્મમાં જે કેટેગરી સિલેક્ટ કરેલ હશે તેના આધાર-પુરાવા જોડેલ નહીં હોય તો એ ફોર્મ રદ થશે.] [જાતિનું પ્રમાણપત્ર અરજદારનું જ હોવું જોઇએ; સગાં-સંબંધી કે અન્યનું પ્રમાણપત્ર માન્ય નહિ રહે.]
૧૪	દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)	અરજદાર જો દિવ્યાંગ (PwBD) હોય તો, ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા (Benchmark Disability) હોવા અંગેના સિવિલ સર્જનના પ્રમાણપત્રની ઈમેજ [નોંધ: ઓનલાઇન ફોર્મમાં જો અરજદારે દિવ્યાંગ કેટેગરી સિલેક્ટ કરી હશે અને તેના આધાર-પુરાવા જોડેલ નહીં હોય તો એ ફોર્મ રદ થશે.]
૧૫	Ex-serviceman અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)	અરજદારે Ex Serviceman કેટેગરીમાં ફોર્મ ભર્યું હોય તો અરજદારે પોતાની ડિસ્ચાર્જ બુકની ઈમેજ તથા આઇ-કાર્ડની ઈમેજ એકસાથે આપવી.
૧૬	કેન્દ્ર/રાજય સરકારનું ગેજેટ અથવા લગ્નનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો)	અરજદારના નામમાં ફેરફાર હોય તો કેન્દ્ર/રાજય સરકારનું ગેજેટ અથવા લગ્નનાં પ્રમાણપત્રની ઈમેજ અપલોડ કરવી.